# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

*******************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે એ દિવસ દૂર નથી જ્યારે છત્તીસગઢ સહિત દેશનો દરેક ભાગ માઓવાદી હિંસાથી મુક્ત થઈ જશે.
2. આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરમાં થયેલી ભાગદોડમાં નવ લોકોના મોત
3. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં વિપરિત હવામાનની પરિસ્થિતિ હોવા છતાં પણ ચૂંટણી પ્રચાર તેજ
4. આ વર્ષે ઓક્ટોબરમાં કુલ GST વસૂલાતમાં ઓક્ટોબર ૨૦૨૪ની સરખામણીમાં ૪.૬ ટકાનો વધારો નોંધાયો
5. ભારતના બે વખતના ગ્રાન્ડ સ્લેમ વિજેતા રોહન બોપન્નાએ વ્યાવસાયિક ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

.......................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. PM-RAIPUR VISIT WITH V/C

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે એ દિવસ દૂર નથી જ્યારે છત્તીસગઢ સહિત દેશનો દરેક ભાગ માઓવાદી હિંસાથી મુક્ત થઈ જશે. આજે રાયપુરમાં છત્તીસગઢ રજત જયંતિની ઉજવણીને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે છત્તીસગઢના આદિવાસી વિસ્તારો લાંબા સમયથી માઓવાદી આતંકને કારણે રસ્તાઓ, શાળાઓ અને હોસ્પિટલો જેવી મૂળભૂત સુવિધાઓથી વંચિત છે.

તેમણે જણાવ્યું હતું કે સરકાર દેશને નક્સલવાદના ભયથી મુક્ત કરવા માટે પ્રતિબદ્ધ છે.

## (બાઇટ- પ્રધાનમંત્રી મોદી) - નક્સલ

શ્રી મોદીએ નોંધ્યું હતું કે તાજેતરના મહિનાઓમાં, મોટી સંખ્યામાં માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે, મુખ્ય પ્રવાહમાં જોડાયા છે અને ભારતના બંધારણને સ્વીકાર્યું છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આજે, છત્તીસગઢના બસ્તર જેવા વિસ્તારોમાં, ભયને બદલે ઉજવણીનું વાતાવરણ છે.

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ 14 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.

## (બાઇટ- પ્રધાનમંત્રી મોદી)- પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટ્સ મુખ્યત્વે રસ્તાઓ, ઉદ્યોગ, આરોગ્યસંભાળ અને ઉર્જા ક્ષેત્રો સાથે સંબંધિત છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ, આજે છત્તીસગઢમાં લગભગ સાડા ત્રણ લાખ પરિવારોને તેમના નવા પાકા મકાનોમાં પ્રવેશ મળ્યો. આ અંગે એક અહેવાલ...

(વોઇસકાસ્ટ – અજય ઇન્દ્રેકર )

*"આજે, છત્તીસગઢ રજત જયંતિની ઉજવણી દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૪ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. ગ્રામીણ આજીવિકાને મજબૂત બનાવવા માટે, પ્રધાનમંત્રીએ રાજ્યના નવ જિલ્લાઓમાં ૧૨ નવા સ્ટાર્ટઅપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ બ્લોક્સ શરૂ કર્યા. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ 3 લાખ લાભાર્થીઓને બારસો કરોડ રૂપિયાનો હપ્તો પણ જાહેર કર્યો.*

*છત્તીસગઢમાં આરોગ્યસંભાળ સેવાઓને પ્રોત્સાહન આપતા, પ્રધાનમંત્રીએ માનેન્દ્રગઢ, કબીરધામ, જાંજગીર-ચંપા, ગીદમ અને બિલાસપુરમાં પાંચ નવી સરકારી મેડિકલ કોલેજો અને એક સરકારી આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલનો શિલાન્યાસ કર્યો.*

*પ્રધાનમંત્રીએ લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવેલી લગભગ ૫૦૦ કિલોમીટર લાંબી નાગપુર-ઝારસુગુડા કુદરતી ગેસ પાઇપલાઇનનું પણ ઉદ્ઘાટન કર્યું. આ પાઇપલાઇન છત્તીસગઢના ૧૧ જિલ્લાઓને રાષ્ટ્રીય ગેસ ગ્રીડ સાથે જોડશે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

આજે રાયપુરની તેમની એક દિવસની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ છત્તીસગઢ વિધાનસભાના નવા મકાનનું ઉદ્ઘાટન કર્યું.

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને ભારત રત્ન અટલબિહારી વાજપેયીની પ્રતિમાનું અનાવરણ પણ કર્યો.

તેમણે નવા રાયપુરમાં શહીદ વીર નારાયણ સિંહ સ્મારક અને આદિવાસી સ્વતંત્રતા સંગ્રામ સંગ્રહાલયનું પણ ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું કે અમારી સરકાર આદિવાસીઓના વિકાસ અને કલ્યાણ માટે પણ કામ કરી રહી છે.

અગાઉ, 'દિલ કી બાત' કાર્યક્રમના ભાગ રૂપે, પ્રધાનમંત્રીએ નવા રાયપુરમાં શ્રી સત્ય સાંઈ સંજીવની હોસ્પિટલમાં આશરે અઢી હજાર બાળકો સાથે વાતચીત કરી. આ બાળકોને હોસ્પિટલમાં જન્મજાત હૃદય રોગોની મફત સારવાર મળી છે. પ્રધાનમંત્રીએ નવા રાયપુરમાં બ્રહ્માકુમારી શાંતિ શિખરનું પણ ઉદ્ઘાટન કર્યું, જે આધ્યાત્મિક શિક્ષણ, શાંતિ અને ધ્યાન માટેનું આધુનિક કેન્દ્ર છે.

-------------

## Condolences – AP stampede

આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના કાશીબુગ્ગા ખાતે આવેલા શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરમાં આજે ભીડમાં નવ લોકોના મોત થયા હતા. એકાદશીના દિવસે દર્શન માટે ભક્તોની મોટી ભીડ એકઠી થઈ હતી. અહેવાલો અનુસાર, રેલિંગ તૂટી પડવાથી ભાગદોડ મચી હતી. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું અને ઘાયલોને તાત્કાલિક સારવાર આપવાની સૂચનાઓ આપી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ દુર્ઘટના પર ઊંડી સંવેદના વ્યક્ત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે ઊંડી સંવેદના વ્યક્ત કરી. શ્રી મોદીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારજનોને 2 લાખ અને ઘાયલોને ૫0 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી.

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# Bihar election campaign

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં વિપરિત હવામાનની પરિસ્થિતિ હોવા છતાં પણ ચૂંટણી પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે.

ગોપાલગંજમાં વર્ચ્યુઅલી ચૂંટણી રેલીને સંબોધતા, ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો ખેડૂતોના હિતમાં કામ કરી રહી છે. NDA ના ચૂંટણી ઢંઢેરામાં બિહારને વધુ વિકસિત બનાવવા અને ખેડૂતો અને મહિલાઓના સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ્ય છે.

ભાજપ પ્રમુખ જેપી નડ્ડાએ સિવાનમાં વર્ચ્યુઅલી ચૂંટણી રેલીને સંબોધિત કરી. તેમણે કહ્યું કે RJD-કોંગ્રેસનું શાસન બિહાર માટે અંધકાર યુગ હતું.

વૈશાલી જિલ્લાના જંડાહામાં એક જાહેર સભાને સંબોધતા જનતા દળ (યુનાઇટેડ) ના પ્રમુખ અને મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું કે ગરીબ અને સામાજિક રીતે નબળા વર્ગોને સહાય પૂરી પાડવામાં આવી રહી છે. તો બેગુસરાયના બછવાડામાં પોતાની પહેલી ચૂંટણી રેલીને સંબોધતા કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે વીસ વર્ષના શાસનમાં નીતિશ કુમાર સરકારે બિહારને સ્થળાંતર સિવાય કંઈ આપ્યું નથી.

સિવાન જિલ્લાના રઘુનાથપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા, મહાગઠબંધનના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તેજસ્વી પ્રસાદ યાદવે પટણા જિલ્લાના મોકામાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ચૂંટણી હિંસાની ઘટનાઓ છતાં વહીવટીતંત્ર મૂક પ્રેક્ષક બની રહ્યું છે.

-------------

# GST Collection - October

૨૨ સપ્ટેમ્બરથી વસ્તુ અને સેવા કર - GST દરોમાં ઘટાડા બાદ, આ વર્ષે ઓક્ટોબરમાં કુલ GST વસૂલાતમાં ઓક્ટોબર ૨૦૨૪ની સરખામણીમાં ૪.૬ ટકાનો વધારો નોંધાયો છે.

ઓક્ટોબર ૨૦૨૪માં કુલ GST મહેસૂલ વસૂલાત ૧.૮૭ લાખ કરોડ રૂપિયા હતી. જે હવે વધીને ૧.૯૫ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ છે. ઓક્ટોબરમાં સેન્ટ્રલ GST વસૂલાત ૩૬ હજાર ૫૪૭ કરોડ અને સ્ટેટ GST વસૂલાત ૪૫ હજાર ૧૩૪ કરોડ હતી. એકીકૃત GST વસૂલાત ૧ લાખ ૬ હજાર ૪૪૩ કરોડ અને સેસ વસૂલાત ૭ હજાર ૮૧૨ કરોડ હતી.

-------------

# Akashvani Sangit Samelan

પ્રસાર ભારતી, સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી, આવતીકાલે આકાશવાણી સંગીત સંમેલનની 67મી આવૃત્તિ શરૂ કરશે. આ સંમેલન આ મહિનાની 29મી તારીખ સુધી દેશભરના 24 કેન્દ્રો પર ચાલશે. આ સંમેલન ભારતની સમૃદ્ધ સંગીત પરંપરાને સાચવવા, પ્રોત્સાહન આપવા અને લોકપ્રિય બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદીએ સંમેલન વિશે જણાવ્યું હતું કે કોવિડ-19 રોગચાળાને કારણે વિરામ બાદ આ ઉત્સવ નવા સ્વરૂપમાં પાછો ફરી રહ્યો છે. 2025 આવૃત્તિ દરમિયાન, દરેક કેન્દ્ર પર બે કાર્યક્રમો યોજાશે. એક ભારતીય શાસ્ત્રીય સંગીતને સમર્પિત અને બીજો લોક સંગીતને સમર્પિત હશે.

-------------

# PIB Fact Check - Prime Minister

સરકારે સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયોનું ખંડન કર્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ધાર્મિક મુદ્દાઓ પર અને અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના સંદર્ભમાં નિવેદનો આપ્યા છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (PIB) ના ફેક્ટ-ચેકિંગ યુનિટે જણાવ્યું હતું કે આ વીડિયો કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો હતો અને પાકિસ્તાન સમર્થિત હેન્ડલ્સ દ્વારા પ્રસારિત કરવામાં આવી રહ્યો છે.

યુનિટે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ આવું કોઈ નિવેદન આપ્યું નથી.

-------------

# Rohan Bopanna's retirement

ભારતના બે વખતના ગ્રાન્ડ સ્લેમ વિજેતા રોહન બોપન્નાએ આજે વ્યાવસાયિક ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી, 20 વર્ષની કારકિર્દીનો અંત લાવ્યો.

બોપન્નાએ સોશિયલ મીડિયા સંદેશ દ્વારા નિવૃત્તિની જાહેરાત કરી. ભારતના મહાન ટેનિસ ખેલાડીઓમાંના એક તરીકે ગણવામાં આવતા, બોપન્નાએ તેમની શક્તિશાળી સર્વિસ, માસ્ટરફુલ નેટ કુશળતા અને પુરુષો

અને મિક્સ ડબલ્સ બંનેમાં કાયમી પ્રભાવના આધારે એક નોંધપાત્ર વારસો બનાવ્યો હતો.

-------------

# Vice President - Kerala visit

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન ૩જી નવેમ્બરે કેરળની બે દિવસની મુલાકાતે જશે. તેમની મુલાકાતના પહેલા દિવસે, તેઓ કોલ્લમમાં ફાતિમા માતા નેશનલ કોલેજના ડાયમંડ જ્યુબિલી સમારોહમાં હાજરી આપશે. ઉપરાષ્ટ્રપતિ તે જ દિવસે કોલ્લમમાં ફેડરેશન ઓફ ઇન્ડિયન કોયર એક્સપોર્ટર્સના સભ્યો સાથે પણ વાતચીત કરશે. મુલાકાતના બીજા દિવસે તિરુવનંતપુરમમાં શ્રી ચિત્રા તિરુનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર મેડિકલ સાયન્સિસ એન્ડ ટેકનોલોજીની પણ મુલાકાત લેશે.

-------------